**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૭૬ ટકા

# સાતમે ઠંડુ ખાવા છઠ્ઠે ચુલા દિવસભર ચાલુ રહ્યા

ગાંધીનગર, તા.૧૩

પવિત્ર શ્રાવણ માસમાં વિવિધ તહેવારો આવે છે. જેમાં રાધણ છઠ્ઠ અને શીતળા સાતમ અને ગોકુળાઆઠમનો સમાવેશ થાય છે. શ્રાવણમાસથી તહેવારોની પરંપરા શરુ થાય છે. ત્યારે શીતળા સાતમના તહેવારને પગલે મહિલાઓ રાંધણ છઠ્ઠના દિવસે દિવસભર રસોડામાં વિવિધ વાનગીઓ બનાવે છે. જેમાં પુરી, તીખી પુરી, બાજરી-મકાઈના વડા, હાંડવો, ઢેબરા, ભાખરી શાક, પાત્રા, દુધપાક, ઘેંસ, ઢોકળા, ભેળ, સુકીભાજી, દહીવડા, સહિત અત્યારના સમય અનુસાર મહિલાઓની પસંદગી પાણીપુરી પણ સમાવેશ થાય છે. જયારે સમયના અભાવે સમાજમાં કેટલીક બહેનો બજારમાં પણ વિવિધ ચીજવસ્તુઓ સાતમને લઈ હાજર સ્ટોકમાં હોવાથી ખરીદી લઈને રાંધણ છઠ્ઠ અને સાતમના તહેવારની ઉજવણી કરે છે.

રાંધણ છઠ્ઠના દિવસે બપોર બાદ ગૃહિણીઓ રસોડામાં સાતમના દિવસની તૈયારીઓમાં લાગી જાય છે. ગૃહિણીઓ બપોર બાદ શરુ કરેલ વાનગી બનાવવાનું રાતના મોડા સુધી ચાલે છે. ત્યારે મહિલાઓ વારા ફરતી એકત્ર થઈને પણ રાંધણ છઠ્ઠની ઉજવણી કરે છે. જેમાં રસોડમાં પુરી, શાક, વડા, હાંડવો, ઢોકળા, પાત્રા, દુધપાક, ઘેંસ, સુકો નાસ્તો સહિત અવનવી ચીજવસ્તુ બનાવે છે. જયારે કેટલીક મહિલાઓ તો ભેળ અને પાણીપુરી પણ બનાવે છે. શ્રાવણ વદ સાતમનો તહેવાર શીતળા સાતમ તરીકે ઉજવવામાં આવે છે. જે વ્રતધારી સાધન-પુજા અને કર્મ-



પુજાનું મહત્વ સાચા અર્થમાં સમજી જે પુજા વિધી કરે છે. તેમના ઉપર આદ્યશકિત શીતળામાતા અતિપ્રસન્ન થાય છે. અને આજીવન શીતળતાની સુખદ અનુભૂતિ થાય છે. સાતમના આગલા દિવસે રાંધણ છઠ્ઠ કહે છે. રાંધણ છઠ્ઠના દિવસે રાંધી લીધા પછી બહેનો સગડી, ગેસના ચુલા વગેરે સાધનોની પુજા કરે છે. અને બીજે દિવસે એટલે શીતળા સાતમને દિવસે સવારે ઉઠીને ઠંડા પાણીએ સ્નાન કરી સગડી કે ચુલા વગેરે લીપી તેમા આંબો રોપી કૃતકૃત્ય બને છે. આ દિવસે ચુલો કે સગડી સળગાવવી નહી, આખો દિવસ ટાઢુ ખાવું અને શીતળા માં ની વાર્તા સાંભળતા હોય છે. આ તહેવારને ટાઢી સાતમ પણ કહેવાય છે. આ તહેવારના દિવસે મહિલાઓ શીતળા માતા પાસે પોતાના બાળકોની રક્ષા કાજે ખોળો પાથરીને પાર્થના કરે છે. ચુલો, સગડી તથા ગેસના ચુલા એ તો ઘરના દેવતા છે જેથી મહિલાઓ સાતમને દિવસે સગડી તથા સાધન સામગ્રીનું પૂજન કરીને કૃતજ્ઞતા અનુભવે છે.



શહેરના સેકટર-૧૫ ખાતેની સરકારી કોલેજ નજીક આજે સાંજના અરસામાં એક એકટીવા અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. એકટીવા લઈને જતી સેકટર-૧૩ની યુવતીને બચાવવા જતા અલ્ટો કાર ચાલકે સ્ટીયરીંગ અચાનક ફેરવી દીધું હતું. જો કે અકસ્માત થઈ ગયો અને એકટીવા ચાલક યુવતી ઘાયલ થતા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી તો બીજી તરફ સ્ટીયરીંગ ફેરવી દેવાથી અલ્ટકો કાર પલ્ટી મારીને ઉંધા માથે થઈ જવા પામી હતી. આ ઘટનાથી કારમાં સવાર તમામ ઘાયલ થતા હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

# સાતમ-આઠમમાં જુગારીઓ પકડવા જિલ્લા પોલિસ એલર્ટ

## ગલ્લાઓ પર બાતમીદારો ગોઠવ્યા : ફાર્મહાઉસો-ગેસ્ટહાઉસો પર સઘન વૉચ

ગાંધીનગર, તા.૧૩

શ્રાવણ બેસતા જ શકુનીઓ શ્રાવણીયો જુગાર રમવા જગ્યાઓ શોધીને બોર્ડ બેસાડીને રમવા લાગ્યા છે. મોટા 'ખેલાડીઓ' આઉટ ઓફ સ્ટેટ સુરક્ષીત સ્થળે જતા રહ્યા છે જયારે કેટલાક રોજ જગ્યાઓ બદલીને જુગાર રમી રહ્યા છે. જિલ્લા પોલિસના હાથે અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ જુગારીઓ પકડાઈ ચુકયા છે તો બીજી તરફ સાતમ આઠમમાં જુગારીઓ પકડવા જિલ્લા પોલિસ એલર્ટ મોડ પર આવી ગઈ છે. અને પોતાના બાતમીદારોને સક્રિય કરી કેટલાક શંકાસ્પદ સ્થળોએ વૉચ પણ ગોઠવી દીધી છે.

જિલ્લામાં બોર્ડ બેસાડવાની જિલ્લા પોલિસ વડાની સ્પષ્ટ 'ના'ને પગલે બોર્ડ બેસાડી મોટા જુગારધામ ચલાવતા શખ્સ પોતાના ખેલૈયાઓને લઈને બીજા જિલ્લાના અને બીજા રાજયના સુરક્ષિત સ્થળે લઈ ગયા છે. તો બીજી તરફ નાનુ-નાનું બોર્ડ બેસાડતા શખ્સો કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં સુરક્ષિત જગ્યા શોધીને ગોઠવાઈ ગયા છે. સ્થાનિક પોલિસની ટીમો અને એલસીબી, એસઓજીની ટીમો જુગારના કેસો કરવા એકટીવ થઈ ગઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખેતરોની ઓરડીઓ અત્યારે જુગાર રમવા માટે હોટ ફેવરેટ છે જેને પગલે પોલિસની ટીમોએ આવા સ્થળોએ સઘન વૉચ ગોઠવી દીધી છે જો બીજી તરફ જુગાર રમતા પહેલા ગલ્લા પરથી જુગારીઓ માટે કોઈ ફોલ્ડર સીગારેટ-મસાલા, પાણીની બોટલો અને ઠંડા પીણાં ઉપરાંત પત્તાની કેટો લેવા આવતા હોય છે. જેને કારણે જુગારધામ સુધી પહોંચવા પોલિસે મોટા ભાગના ગલ્લાઓ પર પણ બાતમીદારો ગોઠવી દીધા છે તો બીજી તરફ શહેર આસપાસના ગેસ્ટહાઉસો અને ફાર્મ હાઉસોમાં પણ સઘન વૉચ રાખવામાં આવી હોવાની એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતે જણાવ્યું છે.

## શિહોલી મોટી ગામના મંદિરમાં તસ્કરો ત્રાટકયા

ગાંધીનગર, તા.૧૩

ચિલોડા પાસે આવેલા શિહોલી મોટી ગામમાં રાત્રી દરમિયાન તસ્કરો ત્રાટકયા હતા અને ગામમાં આવેલા મહાકાળી માતાજીના મંદિરની દાનપેટીને તસ્કરોએ ટાર્ગેટ બનાવી હતી. દાનપેટી તોડીને અંદરથી દાનમાં આવેલા રોકડ રુપિયાની ચોરી કરી ટોળકી ફરાર થઈ ગઈ હતી. જો કે આ મામલે પોલિસ ફરિયાદ દાખલ થઈ ન હોવાનુ ચિલોડા પોલિસનું કહેવું છે.

મળતી માહિતી મુજબ ચિલોડા પાસે આવેલ શિહોલી મોટી ગામના મહાકાળી મંદિરમાં સેવાપુજા બાદ રાત્રે પુજારી નીકળી ગયા હતાં. સવારે પુજારી આવ્યા અને જોયું તો મંદિરની દાનપેટી તુટેલી હાલતમાં પડી હતી અને અંદરથી દાનમાં આવેલી રોકડ રકમ ગાયબ હતી. ગ્રામજનોને મંદિરમાં તસ્કરો ચોરી કરી ગયાની ઘટના અંગે જાણ થતા રોષે ભરાયા હતા. આ મામલે ચિલોડા પોલિસને જાણ પણ કરવામાં આવી હતી. જો કે રાત્રિ દરમિયાન ચોરી કરીને ભાગી ગયેલા તસ્કરોને હાથે કોઈ મોટી રોકડ રકમ આવી ન હોવાથી ફરિયાદ કરવામાં આવી ન હોવાનું જાણવા મળ્યુંછે. અરજીને આધારે ચિલોડા પોલિસ મથકના જમાદાર સજ્જાદખાને તપાસ શરુ કરી છે.

## પૂજન ડાન્સ એકેડમી દ્વારા ગાયત્રી અને ઝુલેલાલ મંદિર ખાતે જન્માષ્ટમીની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૩

પૂજન ડાન્સ એકેડમી, ગાયત્રી પરિવાર તેમજ લાયોનેસ કલબ દ્વારા સેકટર-૧ ગાયત્રી શકિત પીઠ અને સે-૩૦ સ્થિત ઝુલેલાલ મંદિર ખાતે જન્માષ્ટમી પર્વની ધામધુમથી ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યુંછે. જેમાં સૌ ધર્મપ્રેમી જનતાને હાજર રહેવા મંદિર પરિવાર દ્વારા જણાવાયું છે.

શહેરમાં જન્માષ્ટમીના પાવન પ્રસંગે વિવિધ મંદિરોમાં ભજન-કિર્તન, નૃત્ય નાટીકા, આનંદનો ગરબો, મટકી ફોડ, તેમજ રાસ ગરબા સહિતના અવનવા કાર્યક્રમ યોજાશે. ત્યારે ગાંધીનગર શહેરની જુની અને જાણીતી નૃત્ય સંસ્થા પૂજન ડાન્સ એકેડમી દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સેકટર-૧ ગાયત્રી મંદિર ખાતે જન્માષ્ટમી પર્વ નિમિતે રાત્રે ૮ વાગે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ રાત્રે ૧૦.૩૦ કલાકે સેકટર-૩૦ ઝુલેલાલ મંદિર ખાતે ઉજવણીના ભાગરુપે રાધા-કૃષ્ણની નૃત્ય નાટીકા, પ્રાર્થના, રાસ, તેમજ ગરબાની પ્રસ્તુતી કરવામાં આવશે. રાસ ગરબાની રમઝટ પૂજન ડાન્સ કલાસના કલાકારો દ્વારા કરવામાં આવનાર છે. તેમજ આ ગરબામાં નાના ભુલકાઓ તેમજ સાથે તેમની મમ્મીઓ પણ સાથ અને સહકાર આપશે. આમ છેલ્લા ઘણા વર્ષોથી પૂજન ડાન્સ એકેડમીમાં આવતા કલાકારો દ્વારા જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આ પ્રસંગે સેવાકીય સંસ્થા લાયોનસ કબલનો પણ સાથ અને સહકાર સાંપડે છે અને બાળકોને જન્માષ્ટમી માટે પ્રોત્સાહન પુરુ પાડવામાં આવે છે.

## શ્રીજી શ્રી ગોવર્ધનાથજીની હવેલી ખાતે નંદ મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સેકટર-૨૧ સ્થિત શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે મંગળવારના રોજ જન્માષ્ટમી અને તા.૧૬ ઓગસ્ટને બુધવારના રોજ નંદ મહોત્સવના દર્શનનો સમય નીચે મુજબ રાખવામાં આવેલ છે જેની વૈષ્ણવ સમાજના ભાઈ બહેનોએ નોંધ લેવી. જેમાં તા.૧૫ ઓગસ્ટને મંગળવારના રોજ સવારે ૫.૩૦ થી ૬ કલાક દરમિયાન મંગળા આરતી, પંચામૃત સવારે ૬.૩૦ થી ૭ કલાક, શ્રીંગાર અને તીલક સવારે ૧૦.૩૦ થી ૧૧ કલાક, રાજભોગ બપોરે ૧૨ થી ૧૨.૩૦ કલાક, ઉત્થાપન સાંજે ૬.૩૦ થી ૬.૪૫ કલાક, સંધ્યા આરતી સાંજે ૭.૧૫ થી ૭.૪૫ કલાક, શયન રાત્રે ૮.૪૫ થી ૯.૧૫ કલાક, જાગરણ રાત્રે ૧૦ થી ૧૧.૩૦ કલાક, જન્મ પંચામૃત રાત્રે ૧૨ કલાકે યોજાશે. જયારે તા.૧૬ ઓગસ્ટને બુધવારના રોજ મંગળા અને શ્રૃંગાર ભીતરમાં, નંદ મહોત્સવ સવારે ૮.૩૦ કલાકે તેમજ રાજભોગ સવારે ૧૧ થી ૧૧.૩૦ કલાકે યોજાશે. જયારે સાંજના દર્શનમાં કોઈ ફેરફાર નથી.

## @ગાંધીનગર

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ પ્રકાશભાઈ અયાચી, ૮૩, સહકાર કોલોની, સે-૫ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના મયંકભાઈ ભટ્ટ, સે-૨૮, કોલવડાનગર ખાતે યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે જન્માષ્ટમી અને સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ ભરતકુમાર ડી. દવે, પ્લોટ નં. ૪૯૮/૧, કિસાનનગર ખાતે યોજાશે.

● જાગૃત નાગરિક પરિષદ ગાંધીનગરની માસિક બેઠક ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સે-૨૧ ખાતે સાંજે ૫ કલાકે મળશે.

● શ્રી ભારતમાતા મંદિર સે-૭-એ ખાતે શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ ગોસ્વામી દિલીપભારતી ગુરુજીની વ્યાસપીઠે થશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના જાણીતા સાહિત્ય સર્જકો ભાનુપ્રસાદ પુરાણી તથા રમણલાલ શ્રીમાળી સ્વરચિત કૃષ્ણ ભકિતના ગીતોનું જીટીપીએલ ચેનલ પરથી જન્માષ્ટમી નિમિત્તે પ્રસારણ થવાનું છે. આ પ્રસારણ જીટીપીએલ ચેનલ નં. ૬૦૯ પરથી તા. ૧૫મી ઓગસ્ટે મંગળવારે સવારે ૯ થી ૧૦ કલાકે તથા પુનઃ પ્રસારણ રાત્રે ૯ થી ૧૦ કલાકે કરાશે.

● શહેરમાં સ્વાઈન ફલુના વાવરને પગલે સતર્કતાનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્વાઈન ફલુથી બચવા શહેરીજનોમાં માસ્કની માંગ વધવા પામી છે તથા સોશ્યલ મિડિયા પર આયુર્વેદિક ઉકાળાની રેસિપી સાથે જાગૃતિ સંદેશાની આપ-લે વધી જવા પામી છે.

## આજે વૈજનાથ મહાદેવ ખાતે શિવ તાંડવ નૃત્ય યોજાશે

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં પવિત્ર શ્રાવણ માસમાં ચોતરફ શ્રધ્ધા ભકિતનો માહોલ સર્જાયો છે. શ્રાવણ માસમાં સોમવારનું અનેરું મહત્વ હોય છે. ગાંધીનગરના ચ-૬ સર્કલ નજીક સેકટર-૨૧માં સુપ્રસિધ્ધ વૈજનાથ માલણેશ્વર મહાદેવના મંદિરે તા. ૧૪મી ઓગસ્ટ સોમવારે સાંજે ૬ કલાકે નટરાજ ડાન્સ એકેડેમી દ્વારા ભરતનાટયમ સ્ટાઈલમાં શિવ તાંડવ નૃત્યનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિવ તાંડવ નૃત્ય પ્રણાલી ગાંધીના માર્ગદર્શનમાં યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે વૈજનાથ મહાદેવના મંદિરે શ્રાવણ માસના દર સોમવારે સાંજની આરતીમાં ભાવિકોની ભીડ ઉમટે છે. આ પ્રસંગે ભરતનાટયમ સ્ટાઈલમાં શિવ તાંડવ નૃત્ય એક અનેરું આકર્ષણ બની રહેશે તેવું જણાઈ રહ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. કેશાજી કોદરજી પરમાર, ઉ.વ. ૪૦
- સ્વ. લીલાબા ગંભીરસિંહ દેવડા, ઉ.વ. ૭૫
- સ્વ. રમેશચંદ્ર અંબેલાલ દેસાઈ, ઉ.વ. ૭૪
- સ્વ. રમણજી ગલાબજી મકવાણા, ઉ.વ. ૬૧
- સ્વ. ગાયત્રી ક્રિશ્નદેવ દત્ત, ઉ.વ. ૭૫

## આઈ લવ માય ગાંધીનગર



**દિક્ષિતા આલાપ પટેલ**

**ગાંધીનગર ગમે**

સુંદર અને શિક્ષિત, સંસ્કારી લોકોનું શહેર તેમજ મન હરી લે તેવું હરિયાળું હોવાને કારણે ગાંધીનગર ખૂબ ગમે છે અને ગાંધીનગર મારી કર્મભૂમિ છે એટલા માટે પણ ગમે છે.

**નગરજનો**

શિસ્તપ્રિય, શાંત, સંસ્કારી અને સ્નેહી નગરજનો ગાંધીનગરનું ગૌરવ છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગાંધીનગર કલ્ચરલ ફોરમ, સંસ્કૃતિ, આર્ટ લવર્સ, કડી સર્વ વિદ્યાલય દ્વારા કરવામાં આવતી સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

નાગરિકો સ્વયં નગરને લગતી વિવિધ જવાબદારીઓ ઉઠાવી લે તો નગરને અવશ્ય બહેતર બનાવી શકે તેમ છે.

**નગર માટે હું કરી શકું**

વ્યક્તિ વિકાસ અને સેવાનાં ક્ષેત્રો માટે મારી સઘળા પ્રકારની સહાય શહેરની પૂરી પાડવા હું તૈયાર છું.

# ચોટલીકાંડ : અફવા-અંધશ્રધ્ધાથી દેશને આઝાદી કયારે??

## દેશના અલગ અલગ રાજયોમાં સર્જાયેલી મહિલાઓના વાળ કપાવાની ઘટનાનો સિલસિલો 'ગણપતિએ દૂધ પીધા' જેવો ભાસી રહ્યો છે : ચેઈન રિએકશન જેવી આ ઘટનાઓ પાછળ અંધશ્રધ્ધા જવાબદાર હોવાનું જણાઈ રહ્યું છે



**લાગ્યું એવું લખ્યું**
**સમીર રામી**

ગાંધીનગર, તા.૧૩

આવતી કાલે રાષ્ટ્ર આઝાદીની ૭૧મી વર્ષગાંઠ ઉજવવા જઈ રહ્યું છે. સ્વતંત્રતાનો હર્ષ આપણા હૈયે હોય અને હોવો જ જોઈએ એ સ્વાભાવિક છે પરંતુ આઝાદીના આટલા વર્ષે પણ હજુ દેશ અનેક પ્રકારની અંધશ્રધ્ધાઓ અને અફવાઓમાંથી આઝાદ નથી થઈ શકયો. ટેકનોલોજીના વિકાસના ફળ સ્વરૂપે માહિતિનું આદાનપ્રદાન ખૂબ જ ઝડપી બન્યું છે પરંતુ અફસોસ એ છે કે આ ઝડપ અફવાને વેગ આપવામાં કે અંધશ્રધ્ધાને વાસ્તવિકતામાં ખપાવવા સુપર સોનિક સ્પીડે કામ કરે છે. આ વાતનું લેટેસ્ટ ઉદાહરણ એટલે ચોટલકાંડ. 'વા વાયા ને નળિયું ખસ્યું ને કૂતરું ભસ્યું'ની જેમ ચોટલીકાંડ એટલી હદે ચર્ચાસ્પદ બની રહ્યો છે જાણે તે એક રાષ્ટ્રીય પ્રાણ પ્રશ્ન હોય. ૨૧મી સદીના ભારતમાં સ્વતંત્રતાની ૭૧મી વર્ષગાંઠે રાષ્ટ્ર ઝડપથી અફવા અને અંધશ્રધ્ધાના ચક્ર વ્યુહમાંથી આઝાદ થાય એટલું તો અપેક્ષિત છે.

ચોટલી કાંડની શરૂઆત કદાચ રાજસ્તાનથી થઈ હતી ત્યારબાદ વાયા ઉત્તરપ્રદેશ-બિહાર થઈને હવે ગુજરાત આવી પહોંચી છે. મોટા ભાગના કિસ્સામાં ચોટલી કાંડ એ દિલ્હી-૬ ફિલ્મના કાલાબંદર જેવો જ હોવાનું સ્પષ્ટ ભાસી રહ્યું છે. પરંતુ ભારતીય પ્રજાની ધર્મભીરું માનસિકતાનો લાભ ઉઠાવવા તત્પર તત્વો આ મોકાને આસાનીથી છોડી દેવા તૈયાર નથી. અગાઉ પણ દેશમાં ગણપતિનું દૂધ પીવું, ઝાડના પાંદડાઓ પર સાપના ચિત્રો દેખાવા, રાખડીઓ કાઢી નાંખવી, ભાઈના માથા પરનો ભાર ઉતારવા નણંદે ભાભીને લીલા રંગની સાડી ભેટ આપવી જેવી 'ચેઈન રિએકશન' ઘટનાઓ સર્જાઈ ચુકી છે અને આ ઘટનાઓનો લાભ મોટે ભાગે 'લેભાગુ' તત્વોએ પેટભરીને ઉઠાવ્યો છે. આપણા દેશમાં મૃત મહાત્મા તો સમાધિમાં લીન છે અને ફરી સજીવન થશે તેવી આશામાં મહિનાઓ સુધી 'ભકતો' તેમના પાર્થિવ શરીરને અંતિમ ક્રિયા ના કરવા દે તેની નવાઈ નથી. અરે ગાંધીનગર નજીકના નભોઈ ખાતે થોડા સમય પહેલા એક ભૂવાના કહેવાથી પોતાનું સંતાન સજીવન થશે તે આશાએ પિતાએ ત્રણ ત્રણ દિવસ સુધી તેની અંતિમક્રિયા નહોતી કરવા દીધી. હજુ ગત વર્ષે લગભગ આજ સમયે સ્પ્રિંગવાળા બુટ સાથે ચોરોની ટોળકી આવતી હોવાની અફવાએ રાજય સરકારની ઉંઘ હરામ કરી હતી. મોટા ભાગના તમામ કિસ્સાઓમાં કથિત વાતો ગપગોળા હોવાનું જ સાબિત થવા પામી છે.

ગુજરાતમાં માણસા, રાજકોટ, કચ્છ, સુરત અને વડોદરા જેવા સ્થળોએ મહિલાઓની ચોટલી કપાવાના કિસ્સા સામે આવ્યા છે. જેમાં



રાજકોટના કિસ્સામાં તપાસમાં માલુમ પડયું હતું કે જે મહિલાનો ચોટલો કપાયો તે તેની દિકરીએ જ કાપ્યો હતો. માણસામાં પોલિસે એફએસએલમાં તપાસ કરાવી તો જે કપાયેલા વાળ મળ્યા હતા તે ફરિયાદી મહિલાના હતા જ નહીં. આવું જ સુરતની રીન્કુ દેવી નામની મહિલાના કિસ્સામાં થયું હતું. રિન્કુ દેવીએ એક લાલરંગના કપડાં પહેરીને આવેલી મહિલાએ તેના વાળ કાપ્યાં હોવાની કેફિયત રજૂ કરી હતી પરંતુ તેનો રૂમ અંદરથી બંધ હોવાથી તે શકયતા જ નહોતી. આથી પોલિસે વધુ પુછપરછ કરતા રિન્કુદેવીએ અંતે પોતે જ પોતાના વાળ કાપ્યા હોવાની કબૂલાત કરી હતી. જો કે વાળ કપાયા...વાળ કપાયાની બુમરાણના પગલે ખાસ કરીને ગ્રામીણ અથવા શ્રમજીવી વર્ગમાં ભારે ડરનો માહોલ પેદા કર્યો છે જેનો લાભ ભૂવા, તાંત્રિક કે અન્ય અંધશ્રધ્ધાને પોષી તેમનો વેપાર કરતા તત્વો બેફામ રીતે ઉઠાવી રહ્યા છે સામે પક્ષે પોલિસ તંત્ર અને રેશનાલિસ્ટ સમાજ સહિતની જાગૃત સંસ્થાઓ આ બાબતે લોકજાગૃતિ કેળવવા આગળ આવી પ્રયાસો કરી રહી છે.

મહિલાઓની વાળ કપાવાની ઘટનાને કેટલાક કોઈ ટોળકીનું સુનિયોજિત કાવતરું કહે છે પરંતુ આજે રાજકોટમાં તો કાલે સુરતમાં, આજે રાજસ્થાનમાં તો કાલે જ ઉત્તપ્રદેશમાં એમ ફટાફટ સામે આવતા કિસ્સા કોઈ ટોળકી કરતી હોય તેવું પોલિસને માન્યામાં આવતું નથી. ગાંધીનગરના રેશનાલિસ્ટ અનિલ પટેલના મંતવ્ય મુજબ 'આ એક પ્રકારનો માસ હિસ્ટિરીયા છે. આવા કિસ્સામાં ટિખળી તત્વો મોટે ભાગે શરારત ખાતર ઘટના સર્જતા હોય છે જેના પડઘા સમાજમાં વિપરિત પડતા હોય છે તેમજ આ કિસ્સામાં ઘરની અંદરની જ વ્યકિત ઈર્ષા કે દ્વેષ અથવા અન્ય કારણોસર આવું કરે અથવા અંધશ્રધ્ધાળુ માનસિકતા ધરાવતી વ્યકિત જાતે જ ઘટના ઉભી કરે તેવું પણ બની શકે છે.' અન્ય અગ્રણીઓનું એવું માનવું છે કે મહિલાઓને લાંબા વાળની ખેવના હોય છે પરંતુ જે મહિલાને લાંબા વાળ નથી અથવા વાળ ખરી પડયા છે તેઓ 'પોતાના વાળ લાંબા હતા પરંતુ કોઈ કાપી ગયું' તેવું આ સમયે ત્રાગુ રચી પરિસ્થિતિનો લાભ લેવા કોશિષ કરી શકે જે આ અફવાને વધુ વેગ આપવાનું કામ કરે છે. આમ પણ કયાંક બિલાડી આવી વાળ કાપી જાય છે અને કયાંય કોઈ મહિલા આવે છે તેવી વાતોમાં ઝાઝું તથ્ય તો જણાતું જ નથી.

ભારત જેવા દેશમાં જયાં લોકમુખે ચર્ચાતી વાતો પર આંધળો વિશ્વાસ કરનારા બહુમતીમાં છે અને હવે તો સોશિયલ મિડીયાના સહારે કોઈ પણ વાતને 'વાઈરલ' થતા વાર નથી લાગતી તે સ્થિતિમાં શકય છે કે એકાદ નાની ઘટનાને ઓળખી તેનો ફેલાવો કરવાથી અન્ય બાબતો પ્રત્યેથી ધ્યાન ભ્રમિત કરી શકાય તેવી શકયતા દેખાતા તેવી વાતોને હવા આપવામાં આવતી હોય. જેમ કે દેશમાં હાલ શાકભાજી, કઠોળ વગેરેનો ભાવવધારો, મોંઘવારી જેવા અનેક મુદ્દેથી જનમાનસનું ધ્યાન હટાવવા ચોટલીકાંડ જેવી ઘટનાનો સહારો લેવાયો હોય તે શકયતા નકારી શકાય તેમ નથી. આમ પણ સોશ્યલ મિડીયા હવે ખોટી વાતોને સાચી કરવા વધુ ઉપયોગમાં લેવાઈ રહ્યુ છે. જો શાંત ચિત્તે ચોટલીકાંડની ઘટનાઓનો અભ્યાસ કરીએ તો મોટે ભાગે શરારતી તત્વો આ કાંડને વધુ ઉત્તેજન આપી રહ્યા હોવાનું જ ફલિત થાય છે પરંતુ વાતોને વહેતી કરીને 'ડર'નો વેપાર કરનારાઓનો આ પરિસ્થિતિ બખ્ખાં કરાવી રહી છે. આ સ્થિતિમાં માત્ર અને માત્ર સાચી સમજણ કેળવી આ પ્રકારની ઘટનાઓને વધુ ચર્ચાનો મુદ્દો બનાવવો જોઈએ નહીં.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com